ૐ

1) કોઈ પણ વસ્તુ, પદાર્થ માં કોઈ પણ ગુણ કે દોષ હોતો નથી

2) પ્રકૃતિ = કુદરત હંમેશા નિર્દોષ જ છે.

3) જે ભાવે જે જુએ તેને તે સ્વરૂપ

4) ગુણ દોષ નું આરોપણ પર સંસ્કાર પ્રગટે છે.

5) બ્રહ્મ- એક જ જોવા જાણવાથી તેને અનુભવવાથી તત્ સ્વરૂપ થવાય છે.

ગર્ભશ્રીઓ ભગવાન ને ભજતાં કહેતાં

6) બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં દ્વંદ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્ એકં નિત્યં વિમલમચલં સર્વધી સાક્ષીભૂતમ્ ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ॥

મન - માન્યતા - Perception - દ્રષ્ટિ.
સંસાર.

હું આજ ભાગ્યો હંમેશમાટે તમામ સાંસારિક માન્યતાઓનો સંપૂર્ણ ત્યાગ થવાથી શાશ્વત બ્રહ્મસ્વરૂપ માં જ છું.

મહત્વ મન નું કે આત્મા - બ્રહ્મ નું?
ઉન્મન થાવ.

ચિત્ત શુદ્ધ આત્મતત્વ, બ્રહ્મ જ છે.

૫ ક્રિયા - પાછા ફરવાની જરૂર ભજનમાં
ક્રિયા નો ઉપયોગ
જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ.

બહુજ, બહુજ શુદ્ધ જ છે.
બ્રહ્મ જ છે જુઓ ભાગ્ય અનુભવ
- સમજે (વાંચો) તદ્રૂપ થાવ.
હું શુદ્ધ આત્મા જ છું તુ પણ તે જ છે. અવિરત
નિદિધ્યાસન - ધારણા - ધ્યાન - સમાધિ
ઉન્મનિ - તુર્યાતીત પરમજ્યોતિસ્વરૂપ
સ્વયંભાન - સુગંધિત - અમૃત સૂર્ય જ છું.

અવર્ણનીય, અકથનીય, ઈન્દ્રીયાતીત - અગોચર,
સમ - અંતરસ - અદ્રશ્ય. સમર્થ
સર્વસત્તાધારીશ. સર્વાધાર
તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ ॥
સાકાર ના પાછળ નિરાકાર છે જ.
પ્રણવ ને હું ધારણ કરું છું
હું અચલ વ્યાપક પરમાત્મા છું.
વ્યાપક ભાવશક્તિ વડે વ્યાપક પરમતત્વ નું જ ચિંતન

હું પરમાત્મા સુગંધિત અમૃત સ્વરૂપ જ છું.
સર્જન પોષણ.
અનંત સૂર્ય - ચંદ્ર જ્યોતિ સ્વરૂપ હું છું.
કેવળ ચૈતન્ય હું જ છું.

સંપૂર્ણ જ્ઞાન - વૈરાગ્ય
સંપૂર્ણ લક્ષ્મી - ઐશ્વર્ય 6 અંગો.
સંપૂર્ણ ધર્મ - યશ

- શરીર સમાન આકાર,
- સર્વભૂત માત્રા માં હું આત્મા રહેલો છું.
મારા આત્મામાં જ (હૃદયાત્મા) સર્વભૂતો રહેલાં છે.
સર્વમાં અંદર-બહાર વ્યક્ત અવ્યક્તરૂપે હું જ છું.
અવિનાશી, સનાતન - વ્યાપક,

પ્રકૃતિ ને વશ હું નથી. પણ
પ્રકૃતિ મારે વશ છે. તેથી જ
હું પ્રકૃતિ પર પર પરબ્રહ્મ પરમાત્મા જ છું

ચિત્ત ક્રિયા. સંસાર
ચિત્ત અક્રિયા પરમાત્મા.

પ્રકૃતિ - ઉત્પત્તિ, સ્થિતિ, પ્રવેશ, નિયમન
7 પ્રભાવ - બિગડુ, સમગડુ અને સંસાર, આસક્તિ
5 ક્લેશ. અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ.
3 ગુણ સત્વ રજસ તમસ,
2 અવસ્થા સાકાર નિરાકાર.
~~[illegible]~~ વ્યક્ત - અવ્યક્ત.
3 તાપ આધિભૌતિક, આધિદૈવિક, આધ્યાત્મિક.
2 દોષ રાગ, દ્વેષ.
3 દોષ વાત, પિત્ત, કફ.
6 શત્રુ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર.

અગોચર, અવાચ્ય, અગાધ, અવર્ણનીય, અકથનીય
અનિર્વચનીય, તુરીયાતીત, વ્યાપક, ઓતપ્રોત
એકરૂપ, ત્રિલોકદર્શી, ત્રિકાળદર્શી, અપરિમિત
અમર્યાદિત, શાંત, સ્વયંપ્રકાશ, સર્વેશ
અનુપમ શક્તિમાન, પરિપૂર્ણ, સ્વતંત્ર
ગુણાતીત, અક્ષરાતીત, અચલ

ચૈતન્ય શાશ્વત શાંતમ્ વ્યોમાતીત નિરંજનમ્
બિંદુ નાદ કલાતીતમ્ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ।।

જ્યાં સૂર્યરૂપી બુદ્ધિ, મનરૂપી ચંદ્ર તથા અગ્નિરૂપી વાણી અંધારુ થઇ જાય છે ત્યાં મારું પરમધામ છે, અક્ષરધામ છે. મહાનિર્વાણ, મોક્ષ, પરમધામ, સ્વધામ, પરમગતિ

ઉમાનિપદ.

તદ્ ધામ પરમં મમ.

સહસ્રાર - બ્રહ્મરંધ્ર માં દિવ્ય અદ્ભુત અમૃત, દિવ્ય અદ્ભુત તેજ, દિવ્ય અદ્ભુત વાયુ ગુપ્ત છે.

આવૃત્તિ - અનાવૃત્તિ - દ્રષ્ટાસ્વભાવથી પ્રગટ થાય

મનુષ્ય દિવ્ય સૂર્યના સૂર્ય.

જળ - દિવ્ય તેજ વાળું આકાશ પૃથ્વી.

33 કોટિ દેવો કોણ?

8 વસુઓ દેવો અગ્નિ, વાયુ, પૃથ્વી, સ્વર્ગ, અંતરિક્ષ, આદિત્ય, ચંદ્ર, નક્ષત્ર

11 રુદ્ર 10 પ્રાણ 1 આત્મા

12 આદિત્ય - 12 મહિના.

1 ઇન્દ્ર મન

1 પ્રજાપતિ બુદ્ધિ

દેવ, દૈત્ય, ગુરુ, માનવ, ગ્રહ, ઋષિ, પ્રાણી, નદી, પર્વત, સાગર

આ તું છે અને આ હું છું.
એવી ખોટી ભ્રમણા મારામાંથી
સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ છે.

- સત્યબોધ થવાથી સઘળા સંકલ્પો
  શાંત થઈ જાય છે.

- શાંત થતાં શુદ્ધ થયેલ ચિત્તની
  જે સ્થિતિ થાય છે તે જ પરમ સત્ય
  બ્રહ્મ છે. તે જ નિર્મળ ચૈતન્ય છે.

- ચૈતન્યનું શરીરમાં પ્રાગટ્ય થવાથી
  સત્યસંકલ્પપણાની, સવિકલ્પ. સબીજ
  સમાધિ સિદ્ધ થાય છે.
  અર્થવિમુક્તિ - ચિત્તવિમુક્તિ થાય છે.

- સ્વયં શુદ્ધ દિવ્ય મન સત્યસંકલ્પવાળું
  થાય છે.
- જે ચિત્ત છે તે જ જગત છે.
  તે અધિષ્ઠાન બ્રહ્મમાં સતત ચિંતન
  વડે તે શુદ્ધ થાય છે.

તે જ પરમ તત્વ છે.
તે હિરણ્યગર્ભ (પ્રકાશ) નું બીજ છે.
તેનાં વડે બ્રહ્મવિદ્યા સિદ્ધ થાય છે
તેનાં ગર્ભ, જન્મ, જરા, અને રોગ
જતાં રહે છે.
ત્યાર પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે.

## નિશ્ચય ચિંતન, નિદિધ્યાસન

- હું અવિનાશી વાસુદેવ પરબ્રહ્મ પરમાત્મા જ છું
- હું જ પરબ્રહ્મ છું બ્રહ્મથી જુદો નથી.

જે સર્વ ઉપાધિથી રહિત ચૈતન્ય તત્વ છે.
તે ભેદરહિત છે. અભેદ છે. કેવળ અદ્વૈત છે.
તે જ બ્રહ્મ છે.

- હું સર્વાત્મા છું. પ્રકાશસ્વરૂપ જ છું.
- આ સર્વ જગત મારા આત્મારૂપ જ છે.

હું વ્યાપક પરમાત્મા છું

- બંધન-મોક્ષ થી પર હું છું.

સંસાર રૂપી ગગન મંડળ માં
હું ઉત્તમ સૂર્ય ના જેમ ચમકતો
ઝગમગતો રહેવો છું.

પ્રથમ શ્વાસ માના પેટ માંથી 'સો' શબ્દરૂપે બહાર નીકળતા પછી બહાર આવતા ને ડોક્ટરે ફટકાર્યો એટલે નિશ્વાસ માં 'હમ' શબ્દ રૂપે જીવન ની શરૂઆત કરી.

એ આપોઆપ ચાલુ રહેવાથી જીવન શરૂ થયું. એટલે જીવ અભાન પણે સો-હમ - શ્વાસ નિશ્વાસ રૂપે ભજન કરતો હોય છે. જાણે કે ન જાણે આસ્તિક કે નાસ્તિક થાય સંજોગો આધારિત પણ આત્મ-પરમાત્મા ભજે છે. અભાન પણે.

હવે આ ૐ મૂળ શબ્દ ધ્વનિ પ્રગટાવતા શ્વાસ-નિશ્વાસરૂપી 'સો-હમ' ભજન ચાલુ રહે છે.

એ જીવન નું બેકગ્રાઉન્ડ મ્યુઝીક આજીવન ચાલે છે. જેના આધારે જીવન ટકાવું ચાલે છે. જીવન માં પ્રત્યેક અવસ્થા માં એ ચાલતું જ રહે છે.

અંતે 'હમ' નિશ્વાસ સાથે આ જીવન નો અંત આવે છે.

જીવન મા ઇમેજીન કરો કે જો તમે
સંસાર માં એકલાં જ આદિમાનવ
પુરુષ કે સ્ત્રી રૂપે તમે જીવતાં હોય તો
તમે કેવું જીવતાં હોય? ___

ખોરાક અને સલામતી. ___

Food & Safety needs.

એકલા જ ...

હવે જીવન સંચાર આગળ વધારવા માટે કુદરતી
આકર્ષણ Sex જાતીય સુખ
સ્ત્રી પુરુષ ને સાથે લાવે છે.

તેનાં બાળકો માં સહેજે Sharing
Food & Safety - જવાબદારી વધી
બાળક આવતાં તેના પણ કાળજી.
પછી. એમાંથી Social બન્યા. બધા
કુટુંબો આમ સાથે મળી સમાજ બનાવ્યા,
પછી Admin - રાજ્ય. વ. આવ્યું

હવે Psychological - Social - eco
need ઉભી થઈ ___

આમ ઉપર પહોંચ્યા હવે તો
બાળક કે કિશોરો - મોબાઈલ - A I Computer
અને એકદમ ડાયરેક્ટ ફેરફાર કરવાનું જરૂરી
છે. બાળપણ માં અંકુશ જ આવ્યું છે.

કારણ કે તું કેવળ આત્મા જ છું.
અચલ- અવિચલ.
તેથી. તું ક્યારેય અનાત્મા થતો જ નથી.

હવે વ્યવહાર માં જેવું મને આમ થયું તેમ થયું. માથું દુઃખ્યુ પેટ માં દુઃખ્યું મારા પગ દુઃખ્યા - મને બહુ દુઃખ પડ્યું બોલ્યા. કે તરત જ આ બધી અસરો તમને એટલે કે તમે જે છો એવું તે ક્ષણે માનો છો તેથી વળગી પડશે. પછી બધું થશે જ

પરંતુ તે ક્ષણે જો જાગૃતિ, સાવ માં રહ્યા કે હું તો આત્મા સુક્ષ્મતમ છું આ બધું સ્થૂળ છે. અને આ બધું જે થતું જણાય છે. તે હું નથી અને મારું કંઈ નથી તો અવકાશ ઉભો થવાનો? તો કર્મ ભોગવવાનું ઉભું થાય.

જો માનું કે મને આવું વેદ્યા કે વેદો તો પછી ભોગવે જ છૂટકો. બહુ વેદના થાય.
ખાસ પરાઈ જાગૃ. ખરા પારખાને જ ઉગેય.

અભિમાન નો ગુણધર્મ કચરા જેવો છે. જો સાફ ન કરો તો વધ્યા જ કરે. ડુંગરો થઈ જાય. સાવ ગંધાતું ઢોર.
• મંદિરના સુંદર ગાભારાનો ફરી સાફ ન કર્યો હોય એના જેવું થાય.

જ્ઞાન નો ગુણધર્મ અત્તર જેવો છે. જો ન વાપરો. ઉપયોગ ન રાખો તો ય ઉડી જ જાય.